ગાંધીનગર સમાચાર

રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા વૃક્ષારોપણ

## @ગાંધીનગર

● સે-૫-એ, પંચમુખી મહાદેવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ ખાતે સાંજે ૫.૩૦ થી ૮.૦૦ કલાક દરમિયાન ફુલોના હિંડોળાનો મનોરથ યોજાશે.

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા સાંજે ૪.૦૦ કલાકે સે-૨૨ સ્વસ્તિક કોમ્પલેક્ષના બીજા માળે કાર્યવાહક સમિતિની બેઠક યોજાશે.

# બંધના પગલે શટલીયા ચાલકોએ બમણું ભાડું વસુલ્યું

ગાંધીનગર, તા.૨૦

સમગ્ર રાજયભરમાં ઉનાના મોટા સમઢીયાળા ગામે દલિત યુવાનો પર થયેલા અત્યાચારના પડઘા પડ્યા છે. આજે દલિત સમાજ દ્વારા ગુજરાત બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જેથી સવારથી જ ગાંધીનગર શહેરમાં વાહન વ્યવ્હાર નહીવત જોવા મળ્યો હતો. રાજયમાં બંધના એલાનને પગલે સૌથી વધુ નુકશાન એસટી બસોને થાય છે. જેથી એસટી તંત્ર દ્વારા કેટલાક બસના કેટલાક રુટમાં ફેરફાર કરવામાં આવ્યો હતો તેમજ કેટલાક રુટ પરની બસો રદ કરી દેવામાં આવી હતી. જેને પગલે મુસાફરોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. જયારે શટલીયા વાહન ચાલકોએ બમણું ભાડુ વસુલતા વાહનમાલિકોને ધંધામાં બખ્ખા થઈ ગયા હતા. જયારે રોજ માડ ૬ થી ૮ ફેરા મારતા શટલીયા ચાલકોએ ૧૫ થી વધુ ફેરા લગાવ્યા હતા. શટલીયા ચાલકો પાસેથી મુસાફરોને બસ બંધ છે નહી આવે તેવું સાંભળવા મળતા ના છુટકે વધુ રૂપીયા ખર્ચીને ખીચોખીચ ઝોખમી મુસાફરી કરવાનો વારો આવ્યો હતો. જયારે બંધને પગલે મુસાફરોની મજબુરીનો લાભ કેટલાક વાહનચાલકોએ ઉઠાવતા બમણુ ભાડુ વસુલ્યું હતુ તો કેટલાકે રોજ લેવામાં



આવતા ભાડા કરતા રૂ.૧૦ થી ૩૦ નો તોંતિગ વધારો ઝીંકી દીધો હતો.

ઉનામાં દલિત ઉપર થયેલા અત્યાચારની માઠી અસર આજે બંધના દિવસે સતત જોવા મળી હતી. દલિતો ઉપર અત્યાચારના પ્રત્યાઘાતરુપે સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં હિંસા ભડકી ઉઠી હતી. પ્રચડ વિરોધ પ્રદર્શન, તોડફોડ, પથ્થરમારાના બનાવો બન્યા છે. સમગ્ર સૌરાષ્ટ્ર સહિત રાજયભરમાં આની અસર જોવા મળી હતી. એસટી સેવાને પણ અસરગ્રસ્ત વિસ્તારમાં બંધ રાખવાની ફરજ પડી હતી.ત્યારે ગાંધીનગર અને અમદાવાદમાં પણ બંધને પગલે દલિત સમાજના લોકો માર્ગો પર ઉતરી આવ્યા હતા વાહનો રોકીને ચકકાજામના દ્રશ્યો સર્જાયા હતા. જેને પગલે અમદાવાદ-ગાંધીનગરના વાહનવ્યવ્હાર પ્રભાવિત બન્યો હતો. જેથી મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. મુસાફરોને બસ નહી મળતા ના છુટકે ઝોખમી મુસાફરી કરવી પડી હતી. નિર્દોશ મુસાફરો પાસેથી શટલીયા વાહનચાલકોએ બમણું ભાડું વસુલ્યું હતું. જયારે સામાન્ય દિવસોમાં ૫ થી ૮ ફેરા લગાવતા શટલીયા વાહનચાલકોએ આજે ૧૫ થી ૧૮ ફેરા લગાવીને રોકડી કરી હતી. જયારે રોજ નિયત મુસાફરો પાસેથી લેવામાં આવતા ભાડા કરતા રૂ.૧૦ થી ૩૦ જેટલો તોંતિગ વધારો ઝીંકી દીધો હતો. શટલીયા ચાલકો દ્વારા બસ બંધ છે તેવી વાત વહેતી કરવામાં આવતા જ વાહનો માત્ર ૫ મીનીટમાં ભરાઈ જતી હતી.બંધને પગલે એસટી નિગમને પણ મોટીમાત્રામાં આર્થિક નુકશાન થવા પામ્યું હતું.

## વાતવાતમાં

● ગાંધીનગરનું સેટરડે નાઈટ ગ્રુપ ગુરુવારે રાત્રે ગૌરી વ્રતના જાગરણ નિમિત્તે સ્વર્ણિમ પાર્કમાં ફુવારા પાસે રાત્રે ૧૧ વાગ્યાથી આશરે સાડા ત્રણ કલાકનો મનોરંજક કાર્યક્રમ રજૂ કરી વ્રત કરનાર બાળાઓને જાગરણમાં મદદરૂપ બનશે. આ કાર્યક્રમમાં તેઓ ડાન્સ, સિંગીગ, મ્યુઝિક સાથે ૬ એપિસોડનું નાટક 'બેવફા સાજન' આખેઆખુ રજુ કરશે.

● પોલીસ ભવન ખાતે બપોરે બે કલાક વિજળી ગુલ રહેવા પામી હતી. આ સમયે ઉના દલિત અત્યાચાર સંદર્ભે યોજાયેલ પત્રકાર પરિષદ પણ જનરેટરના સહારે યોજવી પડી હતી.

● સે-૩૦ કેન્દ્રીય વિદ્યાલય ખાતે પોતાના દિકરાને લેવા આવેલી બે માતાઓ બાખડી હતી. આ બંને મહિલાઓ જુની પડોશણ હતી અને કોઈ અદાવતના કારણે ઝઘડતા એક મહિલાએ દુપટ્ટામાં પથરો લપેટી બીજી મહિલાના કપાળે ફટકાર્યો હતો.

● ગુરુવારે ગૌરીવ્રતના જાગરણ સંદર્ભે મહિલા પોલીસ દ્વારા સમગ્ર શહેરમાં ખાનગીવેશે ચાંપતી નજર રખાશે. જાગરણ દરમિયાન કોઈ પણ છેલબટાઉ તત્વો રોમિયોગીરી કરશે તો તેને યોગ્ય પદાર્થ પાઠ ભણાવાશે.

● દલિત આંદોલનના પગલે અપાયેલા બંધના એલાનને સંદર્ભે કેટલાક કાર્યકરો ગાંધીનગરની શાળા કોલેજો બંધ કરાવવા નીકળ્યા હતા. આ ટોળુ જયારે સે-૨૩ની એક કોમર્સ કોલેજ બંધ કરાવવા પહોંચ્યુ ત્યારે કોલેજ છુટવાનો સમય થતા જ આપોઆપ બંધ થઈ જતા તેઓ ભોંઠા પડયા હતા.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

ગાંધીનગર, તા.૨૦

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. શરૂઆતમાં પ્રાર્થના, ગુરૂવંદના ગીત ધો-૧૨ની વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. ધો-૧૨ની વિદ્યાર્થીની બહેનો પટણી કાજલ, વાઘેલા ફાલ્ગુનીએ ગુરુનું મહત્વ સમજાવતું વકતવ્ય આપ્યું હતું.

માર્ચ ૨૦૧૬માં ધો-૧૦ અને ધો-૧૨માં નંબર મેળવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઈનામ આપી નવાજવામાં આવ્યા હતા.શાળાના આચાર્યા બહેન શ્રી પ્રવિણાબેન ચૌધરીએ પ્રસંગને અનુરૂપ વકતવ્ય આપ્યું હતું. ચાવડા ચંદ્રભાનુ અને વાઘેલા ફાલ્ગુની તેમજ શિક્ષિકા બહેનશ્રી ઉષાબેન દરજીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આભારદર્શન સુધાબેન પટેલે કર્યું હતું.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલમાં ગુરૂપૂર્ણિમાની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થી ગણ દ્વારા ગુરૂનો મહિમા દર્શાવતી પ્રાર્થના દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. લઘુ નાટિકા દ્વારા ગુરૂનો મહિમા દર્શાવ્યો હતો અને ગુરુની તિલક અને ફુલો દ્વારા પૂજા કરવામાં આવી હતી. અંતમાં પ્રિન્સિપાલશ્રીએ પ્રભાવશાળી ઉદબોધન દ્વારા માર્ગદર્શન પુરું પાડયું હતું તેમજ વિદ્યાર્થીઓ દ્વારા ગુરુ પૂજન વિધિ કરવામાં આવી હતી.

# સિવિલમાં ખાનગી કોન્ટ્રાકટમાં ફરજ બજાવતા ૫૦ નર્સિંગ સ્ટાફના કર્મીઓ ફરજ મુકત

ગાંધીનગર, તા.૨૦

તાજેતરમાં ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા રાજયભરમાં આવેલ મેડીકલ કોલેજ માટે નર્સની ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જે અંતર્ગત ગાંધીનગર સિવિલમાં પણ અંદાજે ૧૪૦ નર્સિંગ સ્ટાફ ફાળવવામાં આવ્યો છે. જેને પગલે ઓર્ડર મેળવેલા કાયમી ૫૦ નર્સિંગ સ્ટાફ ગાંધીનગર સિવિલ ખાતે હાજર થતા ખાનગી કોન્ટ્રાકટમાં ફરજ બજાવતા ૫૦ જેટલા નર્સિંગ સ્ટાફને ફરજ મુકત કરવામાં આવ્યો છે.

જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફની ભરતી કોન્ટ્રાકટબેઝ દ્વારા કરવામાં આવી હતી. રાજયભરમાં આવેલ સાત મેડીકલ કોલેજ માટે તાજેતરમાં મેડીકલ સોસાયટી દ્વારા અંદાજીત ૯૪૦ નર્સિંગ સ્ટાફની ભરતી કરવામાં આવી છે. મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં ઘટ પ્રમાણે સ્ટાફ મુકવામાં આવ્યો છે. જેને પગલે ગાંધીનગર હોસ્પિટલમાં પણ અંદાજે ૧૪૦ નર્સિંગ સ્ટાફ ફાળવવામાં આવ્યો છે. ગાંધીનગર સિવિલમાં ૫૦ નર્સિંગ કર્મચારીઓ હાજર થઈ જતા હોસ્પિટલમાં ખાનગી એજન્સીમાં કાર્યરત ૫૦ જેટલા નર્સિંગના સ્ટાફના કર્મચારીઓને ફરજ મુકત ખાનગી એજન્સી દ્વારા કરવામાં આવ્યા છે. જેથી વર્ષોથી ફરજ બજાવતા કર્મચારીઓમાં રોષ જોવા મળ્યો હતો. પરંતુ એજન્સીએ પણ ના છુટકે મનમાં કચવાટ અનુભવીને કર્મચારીઓને ફરજ મુકત કરવાનો વારો આવ્યો છે.





સે-૨૩, સ્વામિનારાયણ મંદિરમાં ગુરૂપૂર્ણિમાના પર્વ પ્રસંગે વિશેષ સત્સંગ સભા અને ગુરુ પૂજન (વ્યાસ પૂજા)નો કાર્યક્રમ યોજાયો હતો. હજારોની સંખ્યામાં ભાવિકોએ આ પ્રસંગનો લહાવો લીધો હતો. સમાજ સેવા અને શિક્ષણ સેવાના આગ્રહી પૂ. ગુરુજીની પ્રેરણાથી ગુરુ દક્ષિણામાં ભકતોએ પેનો અર્પણ કરી હતી. જે પેનો અભ્યાસ કરતા ગરીબ બાળકોને ભેટ આપવામાં આવશે.

## એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ગતરોજ ગુરૂપૂર્ણિમાની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો-૧ થી ૮ની બાળાઓ દ્વારા બધા ગુરૂજનોનું પૂજન કરવામાં આવ્યું તથા આ નિમિત્તે શાળામાં ભજન સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં ધોરણ-૫માં ઝાલા અભિજ્ઞા વિજયસિંહ, ધોરણ-૬માં ભાભોર ઝંખના બબલભાઈ, ધોરણ-૭માં પટેલ આસ્થા ધર્મેન્દ્રભાઈ તેમજ ધોરણ-૮માં ચૌહાણ હેમાંગીની અશ્વિનસિંહ અને ઝાલા જાનકી પ્રવિણસિંહ વિજેતા બનેલ. વિજેતા બનેલ તમામ વિદ્યાર્થીની બહેનોને શાળા પરિવાર તરફથી અભિનંદન આપવામાં આવ્યા હતા. ગુરૂપૂર્ણિમાના આ પવિત્ર દિવસે ધો-૧ અને ૨ની બાળાઓને શાળા તરફથી કેળા વેફર તેમજ ધોરણ-૩ થી ૮ની વિદ્યાર્થીનીઓને શાળા પરિવાર તરફથી કેળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## વનશ્રી ટ્રસ્ટ દ્વારા વૃક્ષારોપણ કરાવાયું

ગાંધીનગર, તા.૨૦

વનશ્રી ટ્રસ્ટ દ્વારા સેકટર-૨૦ની સરકારી પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૧ થી વધુ વૃક્ષોના રોપા રોપવામાં આવ્યા હતા. શાાના આચાર્ય ગીતાબેન ચૌહાણ અને કૈલાશબેન દ્વારા બાળકોને વૃક્ષોની માહિતી આપીને એક વૃક્ષ દત્તક આપવામાં આવ્યું હતું. સંસ્થાના અંજનાબેન નિમાવતે વૃક્ષનું જતન કરી ગ્લોબલ વોર્મીંગ દૂર કરવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન ઉત્કર્ષ ગુપ્તા દ્વારા કરાયું હતું.

## આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના સે-૨૩માં કડી સર્વ વિદ્યાલય કેમ્પસની શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળા દ્વારા સંસ્થાના નાથીબા હોલ ખાતે ગુરૂપૂર્ણિમાના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય દશરથભાઈ પટેલે બાળકોને ઈન્ટરનેટ ગુરૂ અંગે રસપ્રદ વાતોથી જીવનોપયોગી માર્મિક સૂચનો કર્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ ગણેશ સ્તુતિ અને નૃત્યગાનથી કરવામાં આવ્યો હતો. બાળકોએ ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ આચાર્ય તથા શિક્ષક ગણનું કંકુ તિલકથી પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા અને ગુરૂજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરી હતી. આ પ્રસંગે બાળકોએ ગુરૂમહિમા અંગેના હૃદયસ્પર્શી વકતવ્યો પણ રજૂ કર્યા હતા. આચાર્ય દશરથભાઈએ વિદ્યાર્થીઓને માર્મિક તથા હળવીશૈલીમાં જીવનમાં માતા પિતા સાથે શિક્ષકનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ યોગ અને શારિરીક કૌશલ્ય યુકત ભકિતગીત-નૃત્ય પ્રસ્તુત કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન દેવિકાબેન પટેલ તથા ભૂમિકાબેન પટેલે કર્યું હતું. કાર્યક્રમના અંતમાં સુપરવાઈઝર શિક્ષકે આભારવિધિ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં શિક્ષક ધવલભાઈ પ્રજાપતિ તથા કોરિયોગ્રાફર સંદીપભાઈ સોલંકીએ ભારે જહેમત ઉઠાવી હતી.

## સીટી પલ્સ થિયેટર નજીક ચાની કીટલી ચલાવતા રાંદેસણના યુવાને ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક આવેલા રાંદેસણ ગામમાં સ્થિત પ્રમુખ આર્કેડ ખાતે રહેતા ૩૫ વર્ષીય પરિણીત યુવાને આજે બપોરે કોઈ અગમ્ય કારણોસર પંખે લટકી જઈ ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. સીટી પલ્સ થિયેટર નજીક ચાની કીટલી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા યુવાને કયા કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ સ્પષ્ટ થઈ નથી. ઈન્ફોસીટી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ કરાવી ગુનાની તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર-કોબા માર્ગ પર આવેલા રાંદેસણ ગામના પ્રમુખ આર્કેડ ખાતે રહેતા ૩૫ વર્ષીય પરીણીત યુવાન બે સંતાનોના પિતા હતા. સીટી પલ્સ થિયેટર નજીક ચાની કીટલી ચલાવતા યુવાન રોહીતસિંહ રણજીતસિંહ ગોહીલ આજે પોતાના ઘરે બીજા મજલે હતા. પરિવારના સભ્યો નીચેના રુમમાં હતા તે દરમિયાન એકલતાનો લાભ લઈને રોહીતસિંહે પંખે લટકી જઈ ગળે ફાંસો ખાઈ લીધો હતો. ઘટના અંગે ઈન્ફોસીટી પોલીસને જાણ થતા મહિલા પીએસઆઈ તથા તેમની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. મૃતદેહ પીએમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. મૃતકના ભાઈના જણાવ્યા મુજબ બે ત્રણ દિવસથી રોહતસિંહ ગુમસુમ રહેતો હતો. આપઘાત કરવા પાછળનું કારણ જાણવા મળ્યું નથી.

## નીમા ફાઉન્ડેશનના ઉપક્રમે ઈસનપુર મોટામાં સાંધાના દુખાવાનો કુદરતી ઉપચાર કેમ્પ સંપન્ન

### આજે દશેલા ખાતે આ કેમ્પ યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૦

જિલ્લાના ઈસનપુર મોટા ખાતે રવિવારે નીમા ફાઉન્ડેશનના ઉપક્રમે નટુભાઈ પટેલ (હોલિસ્ટીક હિલર, અમેરિકા)ના સહયોગથી ઢીંચણ, કમર, ખભા, ગરદન અને એડીના દુખાવા તથા અન્ય જટિલ રોગો માટે કુદરતી ઉપચાર દ્વારા



પેઈન મેનેજમેન્ટના હેતુથી એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનું આયોજન સ્થાનિક આગેવાન રામચંદ્રભાઈ પટેલ અને રમેશભાઈ પટેલે કર્યું હતું, જેનું સુંદર સંકલન એડવોકેટ અશોકભાઈ પટેલે કર્યું હતું.

૧૭૦ જેટલા ગ્રામવાસીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. સ્વામી સદાનંદ ભારતીએ સર્વ દર્દીઓની સારવાર પ્રક્રિયામાં સઘન, સતત સહયોગ આપ્યો હતો. સમગ્ર કેમ્પના ડૉક્યુમૅન્ટેશન અને સંચાલનની કામગીરી કિરીટકુમાર અગ્રાવતે પાર પાડી હતી. ઈસનપુર પશુ-પક્ષી સેવા ટ્રસ્ટના સૌજન્યથી તેઓ દ્વારા ૧૦૦ ઉપરાંત મૅગ્નેટીક બેલ્ટ-કૅપનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઍક્યુપ્રેશર માટે સુજોક રીંગ અને પોઈન્ટરનું જરૂરિયાતમંદ દર્દીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કમર તથા સાંધાના દુખાવામાં ઉપયોગી યોગાસનો અને મુદ્રાઓનું નિદર્શન સુધાબેન પટેલે કર્યું હતું. ઉલ્લેખનીય છે કે આ કેમ્પ ગુરુવાર, તા. ૨૧ જુલાઈના રોજ દશેલા ખાતે યોજાઈ રહ્યો છે. દશેલા તથા આસપાસનાં ગામોના રહેવાસી ભાઈ-બહેનોને આ કેમ્પનો લાભ લેવા આયોજકો તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા વૃક્ષારોપણ

### સે-૩૦માં પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે વૃક્ષારોપણ તેમજ વિદ્યાર્થીલક્ષી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

સમગ્ર વિશ્વ જયારે ગ્લોબલ વોર્મિંગની સમસ્યાનો સામનો કરી રહ્યું છે અને આ સમસ્યાનો ઉપાય વૃક્ષારોપણ અને તે વૃક્ષોનું જતન અને રક્ષણ દ્વારા શકય બને તેમ છે. આપણા રાષ્ટ્રમાં પણ વૃક્ષારોપણની તાતી જરૂરીયાતને ધ્યાનમાં રાખીને ગાંધીનગરની અગ્રણી સામાજિક સંસ્થા રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, સે-૩૦ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સંસ્થાના આચાર્ય યુવરાજસિંહ વાઘેલા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના બાળકોને માર્ગદર્શન આપતા દર્શન યોગ મહાવિદ્યાલયના સ્વામી વિવેકાનંદ પરિવ્રાજકજીએ જણાવ્યું કે વર્તમાન શિક્ષણમાં આધ્યાત્મિક જ્ઞાનની જરૂરિયાત છે. તેમણે વિદ્યાર્થીઓને દઢ મનોબળ થકી સદગુણો પ્રાપ્ત કરીને દુર્ગુણોનો ત્યાગ કરવા જણાવ્યું હતું.

આ પ્રસંગે રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ





અરવિંદભાઈ રાણાએ પોતાની આગવી શૈલીમાં વિદ્યાર્થી જીવનને સફળ બનાવવા સૌથી પહેલા ધ્યેય પ્રાપ્તિની તીવ્ર ઈચ્છા ઉત્પન્ન કરવી જરૂરી છે તેમ જણાવતા તેમણે અનુશાસન અને દિનચર્યાનું મહત્વ સમજાવ્યા બાદ મુખ્ય અને ગૌણ કાર્યને અલગ તારવી મુખ્ય કાર્યો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું હતું.

સંસ્થાના વિદ્યાર્થીઓને સાથે રાખીને ગાંધીનગરના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ અને શાળા સંચાલકો તેમજ રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પદાધિકારીઓને વૃક્ષારોપણના વૃક્ષોનું જતન થાય તે માટે કાળજી રાખવા જણાવેલ. આ ઉપરાંત તેઓએ ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા પણ વૃક્ષારોપણ અંગે કરવામાં આવતી કામગીરીથી માહિતગાર કર્યા હતા.

રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ અરવિંદભાઈ રાણા, મંત્રી અભેરાજભાઈ ચૌધરી, રોટરી કલબ ઓફ કેપિટલ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ જગતભાઈ કારાણી, મનોજભાઈ સરૈયા, શાળાના ટ્રસ્ટી અર્જુનસિંહ વાઘેલા, શાળાના આચાર્ય તેમજ રોટરી કલબ ઓફ કેપિટલના પૂર્વ પ્રમુખ યુવરાજસિંહ વાઘેલા, જોઈન્ટ સેક્રેટરી પાર્થ ઠકકર, રોટરીના અન્ય સદસ્યો અંબારામભાઈ ચૌધરી, જયશ્રીબેન ખેતિયા, દર્શન યોગ મહાવિદ્યાલયના સ્વામી વિવેકાનંદ પરિવ્રાજક, આર્ય સમાજના કાર્યકર્તા મુનિ મહેન્દ્રભાઈ ગાંધી, આર્ય સમાજના પંડિત શૈલેન્દ્ર મિત્ર શાસ્ત્રી, વેદપ્રચારક વાનપ્રસ્થિત રામજીત મુનિ, યોગ શિબિર સંચાલકા તથા નેચરોપથી શિક્ષક કુમારી વર્ષાબેન દવે સહિત ઉપસ્થિત અનેક મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરાવવામાં આવ્યું હતું.

વૃક્ષોનું માનવજીવન તેમજ પર્યાવરણમાં આગવું પ્રદાનછે તેને વિવિધ બેનરો, સૂત્રોચ્ચાર સાથે પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના બાળકોએ સેકટર-૩૦ના વિસ્તારોમાં રેલી સ્વરૂપે પ્રદર્શન પણ કર્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા રોટરી કલબ ઓફ કેપિટલના પદાધિકારી, રોટેરીયન મિત્રો તથા શાળા સંચાલકો, શાળાના સ્ટાફ મિત્રો, શિક્ષક મિત્રો દ્વારા સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતમાં આભારવિધિ શોભનાબેન વાઘેલા દ્વારા જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ મંચ સંચાલન મોતીસિંહ સુરાવત દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચૌધરી કન્યા વિદ્યાલયની અન્ડર-૧૯ હોકી ટીમ વિજેતા

ગાંધીનગર, તા.૨૦

એસ.એ.આઈ. (સાઈ) સે-૧૫, ગાંધીનગર ખાતે જિલ્લા કક્ષાની હોકી સ્પર્ધાનું આયોજન થયેલ હતું. જેમાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની અન્ડર-૧૯ની બહેનોની ટીમ પ્રથમ વિજેતા બની હતી. હવે તે રાજયકક્ષાએ રમવા જશે. શાળાના આચાર્ય શ્રી સંતોકબેન ચૌધરી,



વ્યાયામ શિક્ષિકાબહેનો શ્રી વિનાક્ષીબેન સુતરિયા, શ્રી હેતલબેન દેસાઈ, લીલાબેન ચૌધરી તથા સમગ્ર સ્ટાફ મિત્રોએ શુભેચ્છા પાઠવી હતી.

વિજેતાઓના નામ નીચે મુજબ છે. ચૌધરી જલ્પા, ચૌધરી ધરતી, ચૌધરી પિંકલ, ચૌધરી કાજર, ચૌધરી કિર્તી, ચૌધરી નીતા, ચૌધરી દષ્ટિ, ચૌધરી અંજલિ, ચૌધરી કાજલ, ચૌધરી ગાયત્રી, ચૌધરી ભાવના, ચૌધરી ક્રિના, પ્રજાપતિ અનુરાધા, ભાભોર નિકિતા, વાઘેલા નમ્રતા અને ચૌહાણ નીલમ.

## ચિરવિદાય

- સ્વ. ભટ્ટ અશોકકુમાર ભાનુશંકર, ઉ.વ.૭૬
- સ્વ. કપુરીયા હસમુખભાઈ રામજીભાઈ, ઉ.વ.૫૪
- સ્વ. રાવત શિશુપાલસિંહ જીવાસિંહ, ઉ.વ.૭૬
- સ્વ. પ્રજાપતિ શાકુબેન લાલાભાઈ, ઉ.વ.૯૦